# વડોદરામાં પ્રધાનમંત્રી આવાસ અપાવવાના નામે ગરીબો પાસેથી પૈસા પડાવે છે : ધારાસભ્ય

વડોદરા,

ભારત સરકાર દ્વારા ગરીબ લોકોને ઘર મળી રહે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં મકાનો બનાવવામાં આવી રહ્યા છે, ત્યારે શહેરમાં કાર્યરત ઠગ ટોળકી દ્વારા મકાન લેવા ઈચ્છતા લોકોનો સંપર્ક કરી મકાન અપાવવાના નામે રૂપિયા ૧.૨૦ લાખ પડાવવામાં આવી રહ્યા છે. આ ટોળકી સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરી છે. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવા માટે કાર્યરત ઠગ ટોળકી દ્વારા રૂપિયા ૧.૨૦ લાખ લેવામાં આવે છે. જે પૈકી રૂપિયા ૨૦,૦૦૦ કોર્પોરેશનના નામનો ડ્રાફ્ટ બનાવવા માટે લેતી હતી અને રૂપિયા ૧ લાખની વડોદરા મહાનગરપાલિકાની પાવતી આપવામાં આવે છે. અને રૂપિયા ૧.૨૦ લાખ ટોળકી દ્વારા મકાન લેવા ઈચ્છતા લોકો સાથે છેતરપિંડી કરવામાં આવે છે. સફાઇ કર્મચારી દ્વારા આપવામાં આવેલી રૂપિયા ૧ લાખની પાવતી કોર્પોરેશનમાં તપાસ કરાવતા આ પાવતી પણ બોગસ હોવાનું બહાર આવ્યું છે. અને ડિજીટલ યુગમાં કોર્પોરેશનની આપવામાં આવેલી પાવતી પણ હાથથી લખેલી હોવાનું બહાર આવતા વધુ તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન આ ટોળકી દ્વારા ૯૧ લોકો સાથે રૂપિયા ૧.૨૦ લાખ લઈને છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું છે. તપાસમાં એવી પણ માહિતી બહાર આવી છે કે, રૂપિયા ૧ લાખનો કોઈ લાભાર્થી ચેક આપવા ઈચ્છે તો ટોળકી તે ચેક વિક્રમ વણઝારા નામની વ્યક્તિનો લેવામાં આવે છે. આ અંગે ડભોઇના ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા)એ પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસોમાં મકાન અપાવવાના નામે છેતરપિંડી કરતી ટોળકીનો ભોગ બનેલા ૯૧ ગરીબ વ્યક્તિઓના નામની યાદી સાથે વડોદરા મ્યુનિસિપલ કમિશનરને તા.૧૦ ફેબ્રુઆરી-૨૦૨૨ના રોજ પત્ર લખી કાર્યવાહી કરવા માંગણી કરી છે. આ અંગે કોર્પોરેશન દ્વારા કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ, હજુ સુધી પોલીસ ફરિયાદ થઇ નથી. પોલીસ ફરિયાદ થયા બાદ અને આરોપીઓ ઝડપાયા બાદ મોટું કૌભાડ બહાર આવવાની શક્યતાઓને નકારી શકાય તેમ નથી.વડોદરા શહેરમાં કાર્યરત ઠગ ટોળકી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનો અપાવવાના નામે ગરીબ લોકો પાસેથી ૧.૨૦ લાખ રૂપિયા પડાવવાનું વ્યવસ્થિત કૌભાંડ ચાલી રહ્યું હોવાનો આક્ષેપ ડભોઇના ભાજપાના ધારાસભ્યએ કર્યો છે. તેમણે શહેરના ૯૧ ગરીબો સાથે ઠગાઇ કરનાર આ ટોળકી સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખ્યો છે. પાલિક દ્વારા ધારાસભ્યની ફરિયાદના આધારે ઠગ ટોળકી સામે પોલીસ ફરિયાદ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# નરેશ પટેલ આપમાં જોડાઈ તો ગર્વની વાત : પ્રવિણ રામ

રાજકોટ, આમ આદમી પાર્ટીના યુવાનેતા પ્રવીણ રામ અને નિખીલ સવાણી ખોડલધામના ચેરમેન નરેશ પટેલની શુભેચ્છા મુલાકાતે રાજકોટ આવી પહોંચ્યા હતા. આપના નેતાઓ અને નરેશ પટેલ વચ્ચે એક કલાક પટેલ બ્રાસમાં મુલાકાત યોજાઈ હતી. મુલાકાત બાદ પ્રવીણ રામે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, અમારી વચ્ચે માત્ર શુભેચ્છા મુલાકાત થઈ હતી અને સમાજ સેવાની વાત થઈ હતી. પાર્ટીમાંથી જતા રહ્યા તેઓએ અત્યાર સુધી સમય આપ્યો એ પણ ખૂબ જ સારી વાત છે, નરેશ પટેલ અમારી પાર્ટીમાં જોડાઈ તો અમારા માટે ગર્વની વાત કહેવાય. વડીલ કહી શકાય એવા નરેશ પટેલ સાથે આજે શુભેચ્છા મુલાકાત કરી હતી. આમ તો ઘણીવાર વારંવાર મુલાકાત થતી હોય છે. રાજકોટથી નીકળવાનું થતા તેમના ખબર-અંતર પૂછવા અને શુભેચ્છા મુલાકાત કરવા આવ્યા હતા. આ મુલાકાત રાજકીય ચર્ચાને લઈને નહોતી. હું આમ આદમી પાર્ટીમાં નહોતો ત્યારે પણ મળતો હતો. ગુજરાતમાં બેરોજગારીનો મુદ્દો મોટો છે અને પેપર ફૂટે છે. આ અંગે આજે નરેશ પટેલ સાથે વાત થઈ નથી. કોઈ પાર્ટી ક્યારેય તૂટતી નથી, પાર્ટી વિચારધારાથી બનેલી હોય છે. પાર્ટીના સારા-ખરાબ સમય હોય, અમારી પાર્ટી તો શરૂઆતથી જ સંઘર્ષ કરે છે. સારા ચહેરાઓ આવશે તો અમને ખૂબ ગમશે. નરેશ પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાશે તેવું તમને લાગે છે તેવા મીડિયાના સવાલના જવાબમાં પ્રવીણ રામે જણાવ્યું હતું કે, આજે એ બાબતની ચર્ચા થઈ હોય તો આપણે એનું તારણ કાઢી શકીએ પરંતુ અમે તો એવું જ ઈચ્છીએ છીએ કે ગુજરાતના સારા વ્યક્તિઓ આમ આદમી પાર્ટીમાં આવે. પરંતુ નરેશ પટેલ સાથે મુલાકાત કરી ત્યારે તેના હાવભાવ પરથી મને કોઈ રાજકીય વાત દેખાઈ નથી. નરેશ પટેલ અમારી પાર્ટીમાં આવે તો અમારા માટે ખૂબ ગર્વની વાત છે.

### વાપીમાં બેફામ પ્રદુષણ ફેલાઈ રહ્યું છે : તંત્ર ઘોર નિંદ્રામાં...

# વાપી ફરી પ્રદુષણ ઝોનમાં આવવાનું જોખમ વધ્યું

વલસાડ

વાપી ભલે મોસ્ટ પોલ્યુટેડ ઝોનમાંથી બહાર નીકળ્યું છે, પરંતુ વાસ્તવિકતા કઈ અલગ જ છે.આજે પણ વાપીમાં બેફામ પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે, કેટલીક જાણીતી કંપની પોતાનો જોખમી કેમિકલ વેસ્ટ નો બારોબાર નિકાલ કરી રહી છે અને જી.પી.સી.બી મુખ પ્રેક્ષક બનીને બેઠું છે.ત્યારે ફરી એક વાર એસ.ઓ.જી ની ટીમે એક બારોબાર કેમિકલ વેસ્ટનો નિકાલ કરવા જતું એક ટેન્કર ઝડપી પાડ્યું છે. એશિયાના નામાંકિત ઉદ્યોગિક હબ વાપીમાં દિન પ્રતિદિન વિકાસ થઈ રહ્યો છે.પરંતુ આ વિકાસ ની આગેકૂચ લોકોના આયુષ માટે જોખમી સાબિત થઈ રહી હોય એમ લાગી રહ્યું છે અને આ પાછળ કેટલાક લાલચુ ઉદ્યોગપતિ જવાબદાર છે.સમગ્ર એશિયામાં જાણીતી વાપી પ્રદુષણ ના જોખમી ભરડા ના સકંજામાં છે.એવું નથી કે આ પ્રદુષણ ઘટાડી ન શકાય.પરંતુ કેટલીક કંપનીઓ ઉત્પાદન બાદ નીકળતા હેઝાર્ડસ કેમિકલ વેસ્ટ ને ચોક્કસ ટ્રીટમેન્ટ કરવાના બદલે કોઈ ખુલ્લી જગમાં ઠાલવીને નિકાલ કરતી હોય છે.જેના કારણે પ્રદુષણ માં વધારો થઈ રહ્યો છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ની પુરેપુરી જવાબદારી છે કે પ્રદુષણ ઓંક્તી કંપનીઓ સામે પગલા ભરે અને આવી કંપનીઓ ને ક્લોઝર નોટિસ ફટકારે.પરંતુ વાપી જી.પી.સી.બી ને પોતાની આંખો ઉપર પટ્ટી બાંધીને ગાંધારી ની ભૂમિકા બજાવતી હોય એમ લાગી રહ્યું છે.પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ના અધિકારી કર્મચારીઓ તપાસના નામે ગપગોળા મારતા હોય એમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.આ વખતે ભીલાડ થી એસ.ઓ.જી એ જે જોખમી કેમિકલ વેસ્ટ ઠાલવવા જતી ટેન્કર પકડી છે એ ટેન્કર એક મોટી નામાંકિત કંપનીનું હોવાનું સામે આવ્યું છે. એવું નથી કે પહેલી વાર પોલીસે ગેરકાયદે કેમિકલ ઠાલવતા ગઠિયાઓ ને ઝડપી પાડ્યા છે.

આ પહેલા પણ વલસાડ જિલ્લા ની જુદી જુદી પોલીસની ટીમ આ કૌભાંડ પકડી ચુકી છે અને કંપની ના સંચાલક સામે પણ ગુના દાખલ થઈ ચુક્યા છે.તો કેટલીક વાર જે તે વિસ્તારના સ્થાનિક લોકોએ પણ પ્રદૂષણ ની આ બદી ફેલાવતા ટેન્કરમાંથી કેમિકલ ઠાલવતા કેટલાક લોકોને પકડીને પોલીસને સોંપ્યા છે. જોકે આ નેટવર્ક એમુક ચોક્કસ ટોળકી ચલાવે છે.આ ટોળકીને કંપની ઉચ્ચક નક્કી કરાયેલી રકમ ચૂકવી દેતી હોય છે અને ટોળકી તેના ફોલ્ડરો થકી કંપનીમાંથી કેમિકલ વેસ્ટ ઉપાડી ને કોઈ ખુલ્લી જગ્યામાં નિકાલ કરે છે. વાપી હોય કે સરીગામ બન્ને જી.આઈ.ડી.સી માં સી.ઈ.ટી.પી કાર્યરત છે.

પરંતુ કેટલીક કંપની ના લેભાગુ સંચાલકો સી.ઈ.ટી.પી માં તેમનો નીકળતો જોખમી વેસ્ટ મોકલવાને બદલે આ રીતે બારોબાર નિકાલ કરાવે છે.સી.ઈ.ટી.પી માં જે ખર્ચો લાગે છે એનાથી અર્ધા કે એ થી પણ ઓછા પૈસામાં આ જોખમી કેમિકલ ચોક્કસ ટોળકી બારોબાર ખુલ્લી જગ્યા કે કોઈ નાળામાં ઠાલવીને નિકાલ કરે છે.એવું નથી કે આ રેકેટ ની સ્થાનિક અધિકારીઓ ને ખબર નથી.પરંતુ ક્યાંક ને ક્યાંક આ રેકેટમાં તેમની પણ દરમિયાનગીરી છે કે જેના કારણે પ્રદુષણ ફેલાઈ રહ્યું છે.ત્યારે જરૂર છે કે વાપીમાં ચોક્કસ પ્રમાણિક અધિકારી ની નિમણુક થાય કે જે પ્રદુષણ ના પડછાયા માં સપડાયેલા વાપી ની તાસીર બદલી શકે.

# ભારતો ફલેગ લઈ રોમેનિયા સુધી આવી જાવ તમને ત્યાંથી લઈ જઈશું : હેલ્પલાઈન

### યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને બચાવવા હેલ્પલાઈન પર ફોન કરતા કહેવાયું

અમદાવાદ, યુક્રેન પર રશિયાએ હુમલો કરતા ગુજરાતના સહિતના ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેનમાં અટવાઇ ગયાં છે. ગુજરાતના વિદ્યાર્થીઓ ભારત પરત ફરવા એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે જ રશિયન આર્મીના ડ્રોન વિમાનોએ બોમ્બમારો કર્યો હતો. ત્યારે પહેલા તો વિદ્યાર્થીઓને લાગ્યું કે કોઇ મોટો ભૂકંપ આવ્યો છે. પરંતુ, તુરંત તેમને ત્યાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા મેટ્રો ટ્રેનની ટનલમાં આસરો લેવો પડ્યો હતો. છેવટે ૧૬ કલાકની મુસાફરી કરીને વિદ્યાર્થીઓ ૭૦૦ કિમી દૂર હોસ્ટેલમાં પરત ફર્યા હતા. વિદ્યાર્થીઓ એરપોર્ટ પર હતાં ત્યારે કિવમાં હુમલો થયો હતો. હાલ તેમની પાસે બે દિવસ સુધી ચાલે તેટલું ભોજન છે. ત્યાર બાદ મુશ્કેલી પડી શકે છે. મારો પુત્ર છેલ્લા અઢી મહિનાથી યુક્રેનમાં એમબીબીએસનો અભ્યાસ કરવા માટે ગયો હતો. વડોદરાના ૩૦૦ કરતાં વધારે વિદ્યાર્થી અત્યારે યુક્રેનના વિવિધ શહેરોમાં ફસાયેલા છે. તેમાં સૌથી વધારે વિદ્યાર્થીઓ મેડિકલના છે. યુક્રેનની રાજધાની કીવ ખાતેથી વિદ્યાર્થીઓ ફ્લાઈટ પકડવાના હતા જોકે ફ્લાઇટ કેન્સલ થઇ જતા વિદ્યાર્થીઓ અટવાઇ ગયા છે.જેના પગલે તેમના વાલીઓ ચિંતિત છે. હવે તેમના સંતાનોને પરત કેવી રીતે લાવવા તેના માટે તેઓ દોડધામ કરી રહ્યાં છે. વાલીઓ, એજન્ટ અને એમ્બેસીનો સંપર્ક કરીને તેમના સંતાનો વહેલી તકે પરત આવે તેવા પ્રયાસો હાથ ધર્યા છે.યુક્રેનમાં બગડતી પરિસ્થિતિ વચ્ચે અનેક લોકો ત્યાં ફસાયા છે. જેમને પરત લાવવા ભારત સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. પરંતુ પ્રયત્ન હજુ નિષ્ફળ જ છે. સુરેન્દ્રનગરના એક જ દંપતીના ૨ સંતાન ત્યાં અલગ અલગ સિટીમાં ફસાયા છે. જેમને પરત લાવવા તેમના સંતાનોએ મદદ માંગી ત્યારે તેમને કહેવામાં આવ્યું કે, તમે ભારતનો ફ્લેગ લગાવીને રોમેનિયા સુધી આવી જાવ અમે તમને ત્યાથી લઇ જઈશું. સુરેન્દ્રનગરના નિમેશ ઠાકરનો દીકરો પૂજન અને દીકરી જાનવી યુક્રેનમાં ફસાયા છે. પૂજન લવ યુ સીટીમાં છે

જ્યારે જાનવી ઓડેસામાં ફસાઈ છે ત્યારે બંને હવે ભારત પરત આવવા પ્રયત્ન કરી રહ્યા છે પરંતુ આવી શકતા નથી. ત્યાંથી જાહેર કરવામાં આવેલા ઈન્ડિયન હેલ્પલાઈન પર મદદ માંગવામાં આવી ત્યારે હેલ્પલાઈન પરથી કહેવામાં આવ્યું કે, તમે ભારતનો ફ્લેગ લગાવીને રોમાનિયા બોર્ડર સુધી આવી જાવ, અમે તમને રોમેનિયાથી ભારત લઈ જઈશું. અમારા સંતાનને આ રીતે યુક્રેનથી રોમાનિયા બોર્ડર કઈ રીતે લાવવા? રસ્તામાં તેમનું અપહરણ કે અણબનાવ બને તેનો મને ડર છે. ૫ કલાકનો રસ્તો છે જંગલ છે. બોર્ડર પર સરકાર તરફથી કેટલાક લોકો પહોંચ્યા છે પરંતુ ત્યાં સુધી છોકરાઓ પરત ક્યાંથી આવી શકે.

# નવસારીના રુમલામાં પેટ્રોલપંપના કર્મચારીએ ડિઝલની ચોરી કરી

નવસારી, ખેરગામ તાલુકાના રુમલા ગામ પાસે એસાર કંપનીનો પેટ્રોલ પંપ આવ્યો છે. જે કશ્યપ દેસાઈની માલિકીનો છે. આ પેટ્રોલ પમ્પ ઘણા સમયથી બંધ છે તેનો લાભ ઉઠાવી પંપના જ કર્મચારીએ રાત્રિના સમયે ડીઝલની વિશાળ ટાંકીમાં મોટર નાખીને ૧૧૨૦ લીટર ડીઝલની ચોરી કરી હતી. આ ઘટનાની જાણ સંચાલકને થતાં ખેરગામ પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી. પોલીસ તપાસમાં કર્મચારીએ ચોરી કર્યાનું સ્વીકાર્યું હતું. કર્મચારીએ ડિજિટલ ફૂટ પ્રિન્ટ ન આવે તે માટે સી.સી. ટી.વી માં પણ છેડછાડ કરી હતી. સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ અનેક વાર સંસ્થાના વિશ્વાસનો લાભ ઉઠાવી ચોરી અથવા ઉચાપત કરતા હોય છે. એવો જ એક બનાવ નવસારી જિલ્લાના રુમલા વિસ્તારમાં સામે આવ્યો છે. જ્યાં કામ કરતા કર્મચારીએ દારૂ પીવાની લત હોવાને કારણે પૈસાની તંગી ઉભી થતા ફરજ પર રાત્રિના સમયે ડિઝલની ચોરી કરતા ઝડપાઈ ગયો હતો. દાદરા નગર હવેલીમાં રહેતા કશ્યપ દેસાઈનો પેટ્રોલ પંપ રુમલા નહેર પાસે આવ્યો છે. એસાર કંપનીનો આ પેટ્રોલ પંપ ન્યારા કંપનીમાં ફેરવાતા છેલ્લા લાંબા સમયથી બંધ હાલતમાં હતો. ત્યારે ત્યાં ફરજ બજાવતા જીગ્નેશ પટેલ દ્વારા ૮મી ફેબ્રુઆરીના રોજ પંપ પર આવેલી ડીઝલની ટાંકીમાંથી ૧૧૨૦ લિટર જેટલું ડીઝલની ચોરી કરી હતી. કંપનીના માલીકને ઓનલાઈન એપ્લિકેશન દ્વારા ડીઝલનો સ્ટોક અંગે તફાવત જણાતા તેમણે પંપ પર આવીને આ મામલે તપાસ કરી હતી. જેમાં ડીઝલની ચોરી થઈ હોવાનું ફલિત થયું હતું. જેથી રાત્રિના સમયે પંપ પર હાજર આશિષ પટેલની પૂછતાછ કરી હતી. તેણે પ્રથમ જે તે સમયે ફરજ પર હાજર હોવાનું કહ્યું હતું. જોકે, ત્યારબાદ પોલીસ ફરિયાદની વાત સામે આવતા તેણે વાત ફેરવી નાખી હતી.

# વડોદરાની શી ટીમે અશક્ત અને દિવ્યાંગ વૃદ્ધને વ્હીલચેર અપાવી

વડોદરા, વડોદરા શહેરના સિટી પોલીસ સ્ટેશનીની શી ટીમ આ વિસ્તારના સિનિયર સિટિઝનોની મુલાકાતે ગઇ હતી. આ દરમિયાન ૭૦ વર્ષના વૃદ્ધ દેશમુખ ભાલચંદ્ર બંસીધર (રહે. કૂતરાવાડી, ડંખનાથ મહાદેવ મંદિર પાસે, વડોદરા)ની ઘરે જઇ મુલાકાત કરી હતી. વૃદ્ધ બંને પગે શારિરીક રીતે અશક્ત હોવાથી વ્હીલચેર વગર હલન-ચલન કરી શકતા ન હોવાથી તેમજ આર્થિક સ્થિતિ પણ નબળી હોવાથી વ્હીલ ચેર ખરીદી શકતા ન હતા. જેથી શી ટીમે એક સામાજીક સંસ્થાની મદદથી વૃદ્ધને વ્હીલચેર અપાવી મદદ કરી હતી.વડોદરામાં શી ટીમ મહિલાઓની સાથે ગરીબ અને અશક્ત લોકોની મદદ પણ કરી રહી છે. શી ટીમે સામાજીક કાર્ય કરતી સંસ્થાની મદદથી અશક્ત અને દિવ્યાંગ સિનિયર સિટિઝનને નવી વ્હીલચેર આપવી છે.

# અસલાલ નજીક પ્રદૂષણ ઓકતી ફેક્ટરીથી ગ્રામજનો ત્રાહિમામ્

ભિલોડા, ભિલોડાના અસલાલ નજીક આવેલી પ્રદૂષણ ઓકતી ફેક્ટરીઓ સામે કાર્યવાહી કરવા માટે ઉગ્ર માંગ ઉઠી છે. જિલ્લાના નિર્દોષ લોકો ભયંકર રોગચાળામાં સપડાય તે પહેલા પગલાં લેવામાં આવે તેવી ખેડૂત એકતા મંચ દ્વારા માંગ ઉઠાવી અરવલ્લી કલેકટરને લેખિત રજૂઆત કરાઈ છે. કંપનીઓ દ્વારા છોડવામાં આવતા કેમિકલ યુક્ત પાણીના કારણે ખેતી બગડી રહી છે અને ખેડૂતોને મોટું નુકસાન થતું હોવાની રજૂઆત કરાઈ છે. બોરવેલ અને કુવાઓમાં પણ કેમિકલ યુક્ત પાણી આવી રહ્યું હોય આસપાસના ગામોમાં પાણી પીવાલાયક પણ રહ્યું નથી. અસાલ,સોડપુર, વાંદિયોલ, નાપડા,નાપડાજાગીર,ખારી,વજાપુર,બ્રહ્મપુરી, લાલપુર, ખીલોડા,ઈશ્વરપૂરા ગામોમાં અસર થઈ રહી હોવાની રજૂઆત કરવામાં આવી છે.

## વડોદરામાં ભુવો પડતા વાહનચાલકો પરેશાન : પાલિકા માત્ર બેરીકેટ મુકી દીધા

વડોદરા, વડોદરા મહાનગરપાલિકા દ્વારા માત્ર સ્માર્ટ સિટીની વાતો કરવામાં આવે છે. પરંતુ, વડોદરા શહેરના માર્ગો પર પડેલા ખાડાઓ અને અવારનવાર પડતા ભૂવાઓ અંગે તાત્કાલિક ધોરણે કામગીરી કરવામાં ન આવતા લોકો મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. પાલિકાના અંધેર તંત્રના કારણે વડોદરા શહેર હવે ખાડોદરા અને ભુવા નગરીમાં ફેરવાઈ ગયું હોય, એવું સ્પષ્ટ લાગી રહ્યું છે. હરણી એરપોર્ટની સામે છેલ્લા બે દિવસથી ભૂવો પડ્યો છે. એરપોર્ટ પર રોજ બરોજની આવન-જાવન રહે છે. તેમજ હરણી રોડ ઉપર પણ વાહનોની આવન-જાવન રહેતી હોવા છતાં પણ પાલિકા તંત્ર આ ભૂવાનું રીપેરીંગ કરવામાં આળસ રાખી રહ્યું છે. પાલિકા તંત્ર દ્વારા માત્ર બેરીકેટ લગાવીને અત્યારે સંતોષ માનવામાં આવી રહ્યો છે. વહેલી તકે આ ભૂવાનું રીપેરીંગ કામ કરવામાં નહીં આવે તો આ ભુવો દિવસેને દિવસે મોટું સ્વરૂપ ધારણ કરશે અને તેમાં અકસ્માત થવાની પણ શક્યતાઓ નકારી શકાય તેમ નથી, ત્યારે આ ભૂવાનું રીપેરીંગ કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે તેવી માગણી છે.વડોદરા શહેરના હરણી રોડ પર એરપોર્ટની સામે છેલ્લા બે દિવસથી ભુવો પડતા પસાર થઈ રહેલા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઇ ગયા છે.

# ગ્રાહક કોર્ટે બાકરોલના વિમાધારકને વિમા કંપની રકમ ચુકવવા આદેશ આપ્યો

આણંદ,

મોંઘવારીમાં સામાન્ય નાગરિક જીવન વિમા અને મેડિક્લેમ વિમા અંગેની જાગરૂકતા ધરાવતો થયો છે. આકસ્મિક મૃત્યુ કે મેડિકલ ઈમરજન્સી સમયે મદદ માટે વિમા પોલીસીમાં રોકાણ કરે છે. વીમા પોલિસી વેચાણ સમયે કંપનીઓ વિવિધ આકર્ષક વાયદાઓ કરે છે પરંતુ વિમાધારકને જરૂરિયાતના સમયે સર્વિસ અને ક્લેમ સમયે જાત જાતની ખામીઓ કાઢી વિમા વળતર આપવામાં ઠાગાઠૈયા કરતી હોવાના પણ અનેક કિસ્સાઓ સામે આવે છે. આવા સમયે કેટલાક વિમાધારક આવા ખૂબ કડવા અનુભવને લઈ ગ્રાહક કોર્ટ જ મદદે આવે છે. બાકરોલમાં રહેતા અશોક અગ્રવાલ અને તેમના પત્ની મંજુલાબેને યુનાઇટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કં.લી. પાસેથી ઈન્ડિવીડયુઅલ હેલ્થ પોલિસી લીધી હતી. પોલિસી ચાલુ હોવા દરમિયાન મંજુલાબેનને ડાબી આંખે જોવાની તકલીફ થતા તેમણે આણંદની ખાનગી હોસ્પિટલમાં બતાવ્યું હતું. જયાં લેબોરેટરી ટેસ્ટ કરીને તેઓના મોતિયાનું ઓપરેશન કરાયું હતું. આ ઓપરેશનમાં વીમા ધારક બહેનને રૂપિયા ૭૨૩૪૯ ખર્ચ થયો હતો. જેનું પૂરે પૂરું વળતર મેળવવા જરુરી દસ્તાવેજી પુરાવા સાથે વીમા કંપનીમાં દાવો મોકલ્યો હતો. આ ક્લેમ કંપનીમાં જતા વીમા કંપનીએ પોલિસી નિયમ શરતો મુજબના તારણો આપી માત્ર રૂ.૨૪ હજાર જ વિમાધારકના ખાતામાં જમા કરાવ્યા હતા. આથી વિમા કંપનીએ રૂ.૪૮૩૪૯ ખોટી રીતે કપાત કર્યા હોવાનું જણાતા અશોક અગ્રવાલે આણંદ ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેમાં કોર્ટે ઓપરેશનના બીલો, કવેરીનું સોલ્યુશન, ડોક્ટરનું પ્રમાણપત્ર સહિતના પુરાવાઓ અને દલીલો રજૂ કરી હતી. તબીબી સારવાર ખર્ચ અંગે કોઇ ધોરણ કે પેકેજ કે મર્યાદા નકકી થયેલી હોય તેવું ખુલતું નથી અને કયા પ્રકારના દર્દ માટે કેટલી મર્યાદામાં ખર્ચ મંજૂર થઈ શકે તેવું પણ કોઇ સ્પષ્ટ ધોરણ નિયત થયુ નથી. આથી વીમા કંપનીએ કોઈ ચોકકસ ગણતરી કરીને કપાત રકમ મૂકયાનું જણાતું નથી આ ઉપરાંત ફરિયાદીએ ખરીદેલી પોલિસીની સમ-ઈન્સ્યોર્ડ એટલે કે વીમાની રકમ ૪ લાખ છે. જેથી મોતિયાના ઓપરેશનમાં થયેલા કુલ ખર્ચ અથવા સમ-ઈન્સ્યોર્ડના ૨૫ ટકા બેમાંથી જે ઓછું હોય તે રકમ મળવાપાત્ર થાય. આથી ૪ લાખના ૨૫ ટકા મુજબ રૂ. એક લાખ કરતાં ઓપરેશનનો કુલ ખર્ચ ઓછો છે. આથી વીમા કંપનીએ કાપી લીધેલી રકમ યોગ્ય ઠરાવી શકાય તેમ નથી. આ કેસમાં કોર્ટે ફરિયાદીને ૪૮૩૪૯ વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે ચૂકવવા તેમજ માનસિક ત્રાસ બદલ રૂ.૨ હજાર અને અરજી ખર્ચના રૂ.૧ હજાર પણ ચૂકવવા વીમા કંપનીને આદેશ કર્યો હતો.આણંદના બાકરોલના વીમા ધારકના કેસમાં મોતિયાના ઓપરેશનમાં ૪૮૩૪૯ની માતબર રકમની કપાત કરી હતી. આ કેસમાં ગ્રાહક કોર્ટે વીમા કંપનીના વ્યવહારને ઠપકાર લગાવી ગ્રાહકને તેની વળતરની પૂરે પુરી રકમ વ્યાજ સહિત ચૂકવવા આદેશ કર્યો છે. વળી વીમા કંપનીને આ માટે માનસિક ત્રાસ અને અરજી ખર્ચ પટે નિશ્ચિત રકમ આપવા પણ હુકમ કર્યો છે.

## સુરતમાં મીટર પેટી નાખવા ૩૫ હજારની લાંચ માંગતા ૩ રંગેહાથ પકડાયા

સુરત, સુરતના વરાછા યોગીચોક નજીકના સ્વસ્તિક પ્લાઝા શોપીંગ સેન્ટરમાં આવેલા અવધ મોબાઈલ દુકાનની સામેના રોડ ઉપરથી એસીબીએ ડીજીવીસીએલના બે કર્મચારીઓ સહિત ૩ જણાને ૩૫ હજારની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડયા હતા. મીટર પેટી ફરીથી નાખવા બાબતે લાંચ માગતા એસીબીમાં ફરિયાદ કરાઈ હતી. હાલ લાંચ લેતા ઝડપાયેલા ત્રણેયની તપાસ ચાલી રહી હોવાનું એસીબીએ જણાવ્યું છે. ફરીયાદીની ઓફિસમાં લાઇટબીલ ભરેલું ન હોવાથી ડીજીવીસીએલ યોગીચોક સબ ડીવિઝન કચેરીના અધિકારીઓ ઓફીસમાંથી મીટર પેટી કાઢી ગયા હતા. જે મીટરપેટી ફરીથી લગાવી આપી અને લાઇટ ચાલુ કરી આપવા માટે વીજ કંપનીના નાયબ ઈજનેર સહિત ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટએ રૂપિયા ૩૫ હજારની લાંચ માગી હોવાની ફરિયાદ મળી હતી. એસીબીએ ફરિયાદના આધારે હેતુલક્ષી વાતના રેકોર્ડિંગ પૂરાવા ભેગા કરી છટકું ગોઠવી ત્રણેય આરોપીઓને ૨૪મીએ લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડ્યા હતા.

ICICI Home Finance

**કોર્પોરેટ ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઇસીઆઇસીઆઇ એચએફસી ટાવર, અંધેરી – કુર્લા રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ–૪૦૦૦૫૯, ભારત.

**શાખા ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ચોથો માળ, ૪૧૦, માઇલસ્ટોન વાઇબ્રન્ટ, એપ્પલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત–૩૯૫૦૦૨

**શાખા ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, પહેલો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઇટેડ બેંક ઉપર, મહેસાણા હાઇવે, મહેસાણા–૩૮૪૦૦૨

**શાખા ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, પ્લોટ નં. ૩૪૨, વોર્ડ–૧૨/બી, ઓફીસ નં. ૨૦૩, બીજો માળ, રાજકમલ–૨, યસ બેંક પાસે, આઇસીઆઇસીઆઇ બેંક, ગાંધીધામ–૩૭૦૨૦૧

**શાખા ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ત્રીજો માળ, ૩૦૧, નક્ષત્ર–૩, ૧૫૦ ફુટ રિંગ રોડ, રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે, રાજકોટ–૩૬૦૦૦૭

**શાખા ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, પહેલો માળ, શક્તિ બિનેઝસ સેન્ટર, યુનાઇટેડ બેંક ઉપર, મહેસાણા હાઇવે, મહેસાણા–૩૮૪૦૦૨

**શાખા ઓફીસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, યુનિટ ૦૩, પહેલો માળ, શાંતી કોમ્પલેક્ષ, પ્લોટ નં. પી–૫૦/૧, જીઆઇડીસી પાછળ, ૨૧ સેન્ચુરી હોસ્પિટલ, વાપી–૩૯૬૧૯૫

(જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઇઓ)

**સ્થાવર એસેટ્સની વેચાણ નોટીસ**

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ (૬)ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ–હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે દર્શાવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદારેને ગીરો/ચાર્જ્ડ કરાયેલ છે જેનો સાંકેતિક કબજો, આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડે લઇ લીધો છે, "જેનું જ્યાં છે", "જે છે" અને "જેમ છે" ના ધોરણે નીચે આપેલ ટુંકી વિગતો મુજબ વેચાણ કરવામાં આવશે.

| ક્રમ નં. | દેવાદાર(રો)/ સહ–દેવાદાર/જામીનદાર/ કાનુની વારસદારનું નામ / લોન એકાઉન્ટ નંબર | સિક્યોર્ડ મિલકત(તો)ની વિગત જાણમાં હોય તેવા બોજા, જો કોઇ હોય તો | બાકી રકમ | રિઝર્વ કિંમત અર્નેસ્ટ મની ડિપોઝીટ | મિલકતના નિરિક્ષણની તારીખ અને સમય | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઇ) | (એફ) | (જી) |
| 1. | કિરીટભાઇ ગોપલભાઇ રાણા (દેવાદાર), પ્રવિણાબેન કિરીટભાઇ રાણા (સહ–દેવાદાર), જય કેસર ભવાની ડેવલોપર્સ પ્રાઇવેટ લીમીટેડ (સહ–દેવાદાર) Loan Account No. NHMUM00000816673 | હાઉસ નં. એ/૧૬૬ ગ્રાઉન્ડ ફ્લોર, જય કેસરકુંજ રેસિડેન્સી, ખોડિયાર નગર સામે, મહાત્મા ગાંધી રોડ, મોજે–બારડોલી, તાલુકો–બારડોલી, જિલ્લો–સુરત, ગુજરાત–૩૯૪૬૦૧ | Rs. 52,50,396/- (As on 23rd February, 2022) | Rs. 37,70, 000/- / Rs. 3,77,000/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |
| 2. | સુરેશકુમાર એન. ગજ્જર (દેવાદાર), અલ્કાપેબેન સુરેશકુમાર ગજ્જર (સહ–દેવાદાર) Loan Account No. NHDEE00001276280 | પ્લોટ નં. સી–૧૬૭, તિરુપતી ટાઉનશિપ, રાણપુર રોડ, ડિસા, પીનકોડ–૩૮૫૫૩૫ | Rs. 31,39,414/- (As on 23rd February, 2022) | Rs. 32,16, 000/- / Rs. 3,21,600/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |
| 3. | ઉમાપત્ય બુદ્ધા (દેવાદાર), ક્રિષ્નાદેવી બુદ્ધા (સહ–દેવાદાર) Loan Account No. LHGDM00001289424 | રેવન્યુ સર્વે નં. ૨૦૩૧ શ્રીજી નગર સ્વામી નારાયણ મંદિર પાસે, મુંદ્રા પ્લોટ નં. ૬૭, એ મુકામ–મુંદ્રા તાલુકો–મુંદ્રા જિલ્લો–કચ્છ–૩૭૦૪૨૧ | Rs. 29,41,683/- (As on 23rd February, 2022) | Rs. 28,80, 800/- / Rs. 2,88,080/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |
| 4. | રાજુભાઇ મોહનલાલ શેન (દેવાદાર), રેખાબેન રાજુભાઇ (સહ–દેવાદાર) Loan Account No. NHVIJ00001251389 | પ્લોટ નં. ૨૧, શુભ સંકલ્પ, હોંડા શો રૂમ પાછળ, વિજાપુર, પીનકોડ–૩૮૨૮૭૦ | Rs. 2,654,717/- (As on 23rd February, 2022) | Rs. 40,49, 000/- / Rs. 4,04,900/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |
| 5. | ફિરોજમહમંદ શેખ (દેવાદાર), મુમતાઝબેગમ ફિરોઝઅહેમદ શેખ (સહ–દેવાદાર) Loan Account No. NHRJL00000835275 | સિટી સર્વે શિટ નં. ૯૯ સિટી સર્વે નં. ૩૧૦૫૨૯ ૩૦ પ્લોટ નં. ૨૮ અને ૨૯ ગોકુલ નગર ૧ ગેટ્કો સબ સ્ટેશન પાસે, જાફરાબાદ રોડ પડખે મુકામ–રાજુલા | Rs. 27,47,246/- (As on 23rd February, 2022) | Rs. 18,15, 500/- / Rs. 1,81,550/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |
| 6. | જિતેન્દ્રકુમાર આત્મારામ પંચાલ (દેવાદાર), પંચાલ હસુમતી જી (સહ–દેવાદાર) Loan Account No. NHDEE00000836404 | પ્લોટ નં. ૧૬૯ આકાશ વિલા રેસિડેન્સી, ડિસેન્ટ હોટેલ સામે, ડિસા–પાલનપુર હાઇવે, ડિસા–૩૮૫૫૩૫ | Rs. 24,34,634/- (As on 23rd February, 2022) | Rs. 22,07, 000/- / Rs. 2,20,700/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |
| 7. | રાધા ચંદુલાલ બારોટ (દેવાદાર), પ્રવિણા ચંદુલાલ બારોટ (સહ–દેવાદાર) Loan Account No. LHVPI00001279244 | ફ્લેટ નં. સી./૩૦૮, ત્રીજો માળ, વિંગ સી, ચારભુજા બ્રોકર્સ, એસ્સાર પેટ્રોલ પંપ પાછળ, સાંજન પાસે, તાલુકો–ઉંબેરગાંવ, જિલ્લો–વલસાડ | Rs. 23,69,071/- (As on 23rd February, 2022) | Rs. 11,07, 000/- / Rs. 1,10,700/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |
| 8. | કમલેશકુમાર બચુભાઇ ભુતાણી (દેવાદાર), સુનિતા કમલેશભાઇ ભુતાણી (સહ–દેવાદાર) Loan Account No. LHJGH00001253112 | રેવન્યુ સર્વે નં. ૧૩૦ ૧ પૈકી ૧ સુકન રેસિડેન્સી ખામધોલ રેલ્વે ક્રોસિંગ પાસે, જોશીપુરા, ખાલીપુર રોડ, ખામધોલ જુનાગઢ | Rs. 21,94,208/- (As on 23rd February, 2022) | Rs. 21,58, 200/- / Rs. 2,15,820/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |
| 9. | ધવલ કુમાર શાંતીલાલ સાધુ (દેવાદાર), હંસાબેન શાંતીભાઇ સાધુ (સહ–દેવાદાર), શાહ રોહિત કુમાર પ્રેમચંદભાઇ Loan Account No. LHPAA00001248467 | પ્લોટ નં. ૩૬–મધુવન બંગલોઝ, સંખલપુર રોડ, બેચરાજી–૩૮૨૪૧૦ | Rs. 17,25,711/- (As on 23rd February, 2022) | Rs. 14,59, 000/- / Rs. 1,45,900/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |
| 10. | વલભભાઇ અમરાભાઇ બાલવા (દેવાદાર), હંસાબેન વલભભાઇ બાલવા (સહ–દેવાદાર), જયકુમાર વલભભાઇ બાલવા Loan Account No. NHJGH00001256188 | રેવન્યુ સર્વે નં. ૨૯૨ પૈકી ૨, ટીપી સ્કીમ નં. ૨, ફાઇનલ પ્લોટ નં. ૪, ૧ પૈકી, ૪, ૨ પૈકી, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સરસ્વતી વિંગ–ડી, પાંચમો માળ, ફ્લેટ નં. ડી–૫૧૩, ગીરનાર હાઇટ્સ ૧, બહાદુદ્દીન કોલેજ પાસે, કોલેજ રોડ, જુનાગઢ–૩૬૨૦૦૧ | Rs. 1,021,587/- (As on 23rd February, 2022) | Rs. 11,00, 000/- / Rs. 1,10,000/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |
| 11. | રાજેશભાઇ ધિરજભાઇ સાવણીયા (દેવાદાર), પારુલબેન રાજેશભાઇ સાવણીયા Loan Account No. NHJGH00001263008/ NHJGH00001263007 | સર્વે નં. ૧૨૭ પૈકી, પ્લોટ નં. ૩૬ પૈકી સબ પ્લોટ નં. ૩૬ બી યોગી પાર્ક, વંથલી રોડ ટિંબાવાડી જુનાગઢ | Rs. 8,57,782/- (As on 23rd February, 2022) | Rs. 8,42, 000/- / Rs. 84,200/- | March 25, 2022 11:00 AM to 03:00 PM | March 29, 2022 02:00 PM to 03:00 PM |

ઓનલાઇન હરાજી અમારી ઓક્શન એજન્સી ઓક્શન ટાઇગરની વેબસાઇટ (URL LINK-https://sarfaesi.auctiontiger.net/EPROC/) પર યોજાશે. ગીરવેદારોને કુલ બાકી રકમ તેમજ ચડત વ્યાજ ૨૮ માર્ચ, ૨૦૨૨ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી ચુકવવાની છેલી તક આપવામાં આવે છે, નહીતર સિક્યોર્ડ મિલકતોનું ઉપરોક્ત શિડ્યુલ મુજબ વેચાણ કરવામાં આવશે.

ભાવી બીડર(રો)એ અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) આરટીજીએસ/ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) મારફત આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ચોથો માળ, ૪૧૦ માઇલસ્ટોન વાઇબ્રન્ટ, એપલ હોસ્પીટલ સામે, ઉધના દરવાજા, સુરત– ૩૯૫૦૦૨ ખાતે ૨૮ માર્ચ, ૨૦૨૨ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યા સુધી અથવા એ પહેલા જમા કરવી પડશે. નોંધ લેવી કે ભાવી બીડર(રો: ઉપર જણાવ્યા મજુબ તેમની ઓફર જમા ન કરી શકે તો, ટેન્ડર દસ્તાવેજોની સહી કરેલ નકલ આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, ચોથો માળ, ૪૧૦, માઇલ સ્ટોન વાઇબ્રન્ટ, એપલ હોસ્પીટલ સામે, ઉધના દરવાજા, સુરત–૩૯૫૦૦૨ ખાતે ૨૮ માર્ચ, ૨૦૨૨ ના રોજ સાંજે ૦૫.૦૦ વાગ્યે અથવા તે પહેલા જમા કરી શકાશે. અર્નેસ્ટ મની ડિપોઝીટનો ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ – હરાજીની તરફેણમાં ગુજરાત ખાતે ચુકવવા પાત્ર રાષ્ટ્રીયકૃત/શીડ્યુલ બેંકનો હોવો જરૂરી છે.

નિરિક્ષણ, હરાજીની શરતો અને નિયમો અથવા ટેન્ડરો જમા કરવા સંબંધિત કોઇપણ વધુ સ્પષ્ટતાઓ માટે આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડનો ૭૦૨૧૦૭૨૮૬૯ ઉપર સંપર્ક કરવો.

અધિકૃત અધિકારી કોઇપણ કારણ જણાવ્યા વગર કોઇપણ અથવા તમામ બીડો રદ કરવાનો અનામત હક ધરાવે છે.

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://www.icicihfc.com/ ની મુલાકાત લેવી.

**તારીખ :** ૨૭.૦૨.૨૦૨૨
**સ્થળ :** ગુજરાત

અધિકૃત અધિકારી
આઇસીઆઇસીઆઇ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ